ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૧૬.૦૪.૨૦૧૯

-----------

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ તેમજ વિકાસવાદી રાજનીતિથી પ્રભાવિત થઈને માણસા કોંગ્રેસના નગરપાલિકાના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, વરિષ્ઠ આગેવાનો સહિત ૧૫૦ જેટલા કાર્યકર્તાઓ ભાજપામાં જોડાયા - શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ**

-----------

**કોંગ્રેસ પોતાના આંતરિક ઝગડાઓ, આંતરિક અસંતોષ તેમજ આંતરિક લોકશાહીના અભાવે ધ્વસ્ત થઈ રહી છે. - શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ**

-----------

આજરોજ ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ભાર્ગવભાઈ ભટ્ટે ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયાને સંબોધતા જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ પોતાના આંતરિક ઝગડાઓ, આંતરિક અસંતોષ તેમજ આંતરિક લોકશાહીના અભાવે ધ્વસ્ત થઈ રહી છે, ત્યારે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ તેમજ વિકાસવાદી રાજનીતિથી પ્રભાવિત થઈને માણસા કોંગ્રેસના નગરપાલિકાના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, વરિષ્ઠ આગેવાનો સહિત ૧૫૦ જેટલા કાર્યકર્તાઓ ભાજપામાં જોડાયા.

કોંગ્રેસના પૂર્વ માણસા શહેર પ્રમુખ ડૉ. તુષાર જાની, માણસા શહેર મહામંત્રી શ્રી આશીષ પ્રજાપતિ, ગાંધીનગર જીલ્લા સંગઠન મહામંત્રીશ્રી પિયુષભાઈ રાઠોડ, માણસા તાલુકા ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી, મહિલા કાર્પોરેટરશ્રીઓ, તાલુકા પંચાયત સભ્ય સહિત ૧૫થી વધારે સીનીયર આગેવાનોને ભાજપાનો ખેસ પહેરાવી ઉપાધ્યક્ષ શ્રી ભાર્ગવભાઈ ભટ્ટે વિધિવત્ રીતે ભાજપામાં પ્રવેશ કરાવ્યો હતો.

આ પ્રસંગે પ્રદેશ અગ્રણી શ્રી મહેશભાઈ કસવાલા, માણસાના પૂર્વ ધારાસભ્ય અને યુવા નેતા શ્રી અમિતભાઈ ચૌધરી, ગાંધીનગર જીલ્લા પ્રમુખ શ્રી નૈલેષભાઈ શાહ, પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી પ્રશાંતભાઈ વાળા, માણસા શહેર પ્રમુખ શ્રી યોગેશભાઈ પટેલ તથા માણસાના ભાજપા અગ્રણીશ્રી દિનેશભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૫ તા. ૧૬.૦૪.૨૦૧૯

**શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના ખેડૂતોનું માન છે, માતાઓ બહેનોનું સન્માન છે, યુવાનોની શાન છે, ગરીબોની જાન છે અને નવા ભારતની પહેચાન છે – શ્રી શિવરાજસિંહ ચૌહાણ**

----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રાભાઈ મોદીનો વિરોધ કરતા કરતા કોંગ્રેસ આજે ભારત વિરોધી બની ગઈ છે - શ્રી શિવરાજસિંહ ચૌહાણ**

----------

**બાબા (રાહુલ), બાબુ (ચંદ્રાબાબુ),બુઆ-બબુઆ (માયાવતી, આખીલેશ), દીદી (મમતા) જરા બતાવે કે તમારા પ્રધાનમંત્રી પદના ઉમેદવાર કોણ છે? રાહુલ ગાંધીને મહાઠગબંધન પણ આજે નેતા તરીકે સ્વીકારવા તૈયાર નથી - શ્રી શિવરાજસિંહ ચૌહાણ**

----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદીને ચોર કહેવું એ ગુજરાતની ૬ કરોડ જનતા તેમજ દેશની ૧૩૦ કરોડ જનતાનું અપમાન છે - શ્રી શિવરાજસિંહ ચૌહાણ**

----------

**દુનિયામાં સૌથી જૂઠા નેતાનો એવોર્ડ જો કોઈને આપવાનો હોય તો તે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને આપવો જોઈએ - શ્રી શિવરાજસિંહ ચૌહાણ**

----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ દેશના ખૂબ મોટા વર્ગને થયો છે અને એટલે જ આજે સમગ્ર દેશ મોદી... મોદી... ની ધૂન પર નાચી રહ્યો છે - શ્રી શિવરાજસિંહ ચૌહાણ.**

----------

**મધ્યપ્રદેશ છત્તીસગઢ અને રાજસ્થાનમાં તાજેતરમાં બનેલી કોંગ્રેસની સરકારોએ ચૂંટણીમાં હાર ના ડરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજનાને અમલમાં મુકવાનો ઈનકાર કરીને રાજ્યોના ખેડૂતો સાથે ખૂબ મોટો અન્યાય કર્યો છે - શ્રી શિવરાજસિંહ ચૌહાણ**

----------

આજરોજ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણે છોટાઉદેપુર લોકસભાની હાલોલ વિધાનસભામાં આયોજિત જાહેરસભાને સંબોધન કર્યું હતું.

શ્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેક ક્ષેત્રમાં દેશને અનેકવિધ સિધ્ધિઓ અપાવી સમગ્ર દુનિયામાં ભારતનું નામ રોશન કરવાનું કાર્ય કર્યું છે. ૨૦૧૪ પહેલાં દેશની હાલત બહુ ખરાબ હતી. પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ ભારતમાં ઘૂસીને નિર્દોષોની હત્યા કરતા હતા. ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં મુંબઈ સહિત દેશના અનેક શહેરોમાં આતંકવાદીઓએ નિર્દોષ નાગરિકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. સમગ્ર દેશ આ શરમજનક કૃત્યનો બદલો ઈચ્છતો હતો પરંતુ, મનમોહનસિંહ મૌન રહ્યા અને પાકિસ્તાન ભારતને આંખો બતાવતું રહ્યું. પરંતુ આ વખતે પાકિસ્તાન ભૂલી ગયું કે હવે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી છે મનમોહનસિંહ નહીં. ઉરીની નાપાક હરકત બાદ સર્જીકલ સ્ટ્રાઈક દ્વારા ભારતીય સૈન્યએ આતંકવાદીઓને વીણી વીણીને સાફ કરી નાખ્યા અને સુરક્ષિત સ્વદેશ પરત ફર્યા. બોખલાયેલા આતંકવાદીઓએ પુલવામામાં ફરી એક વખત શરમજનક કૃત્યને અંજામ આપ્યો અને દેશના ચાલીસ જવાન શહીદ થયા.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહેલું ભારત કોઈને છેડશે નહીં પરંતુ જો કોઈ ભારતને છેડશે તો તેને છોડશે નહીં.આ વાતને યથાર્થ કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકીય ઈચ્છાશક્તિ દર્શાવી, ભારતીય વાયુ સેનાએ પાકિસ્તાનના બાલાકોટમાં ઘૂસીને આતંકવાદીઓના કેમ્પ ઉપર બૉમ્બ વરસાવી અનેક આતંકીઓનો ખાત્મો બોલાવીને ભારતીય સૈનિકોનાં બલિદાનનો બદલો લીધો.

કોંગ્રેસ અને સાથી પક્ષોને આતંકવાદ વિરુધ્ધ થતી કાર્યવાહી પસંદ નથી પડતી, રશિયા જેવા મોટા દેશ શ્રી નરેન્દ્રભાઈ મોદીને સર્વોચ્ચ સન્માન આપે તે સહન નથી થતું. મોદીનો વિરોધ કરતા કરતા કોંગ્રેસ આજે ભારત વિરોધી બની ગઈ છે. કોંગ્રેસ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




આતંકવાદીઓ વિરુધ્ધ થયેલી કાર્યવાહીના સબૂત માંગે છે, આતંકી હુમલાને દુર્ઘટના ગણાવે છે, પાકિસ્તાનની ભાષા બોલે છે. દેશ વિરોધી નિવેદનો આપીને કોંગ્રેસ ભારતમાતાને કલંકિત કરવાનું કામ કરી રહી છે.

રાહુલ ગાંધી જેવા જુઠા નેતા સમગ્ર દુનિયામાં ક્યાંય પેદા નહીં થયા હોય. દુનિયામાં સૌથી જૂઠા નેતાનો એવોર્ડ જો કોઈને આપવાનો હોય તો તે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને આપવો જોઈએ. રાહુલે મધ્યપ્રદેશની ચૂંટણીમાં જાહેરાત કરી હતી કે, સરકાર બન્યા પછી દસ દિવસમાં જ ખેડૂતોનું દેવુ માફ કરવામાં આવશે. આજે સાડા ત્રણ મહિના પછી પણ ખેડૂતો દેવા માફીની રાહ જોઈ રહ્યા છે. ૪૮ હજાર કરોડ રૂપિયાનું દેવું માફ કરવાના બણગા ફૂંકી સત્તા મેળવનાર કોંગ્રેસે મધ્યપ્રદેશના બજેટમાં માત્ર પાંચ હજાર કરોડનું જ પ્રાવધાન દેવામાફી માટે કર્યું છે. “કહી કી ઈંટ કહી કા રોડા, ભાનુમતી ને કૂનબા જોડા” ની જેમ સપા-બસપા અને અપક્ષોના સાથે મધ્યપ્રદેશમાં લંગડી સરકાર બનાવી છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રીકાળ દરમિયાન ગુજરાતનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે અને આજે દેશમાં ચોતરફ વિકાસ કરી રહ્યા છે. રોડ કનેક્ટિવિટી, એર કનેક્ટિવિટી, બંદરોનો વિકાસ, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, બેટી બચાવો બેટી પઢાવો, સ્વચ્છ ભારત અભિયાન, પ્રધાનમંત્રી આવાસ યોજના, જનધન યોજના, ઉજાલા યોજના, ઉજ્જ્વલ્લા યોજના જેવી અનેક યોજનાઓને દેશમાં લાગુ કરી છે. પ્રજાલક્ષી યોજનાઓનો લાભ દેશના ખૂબ મોટા વર્ગને થયો છે અને એટલે જ આજે સમગ્ર દેશ મોદી... મોદી... ની ધૂન પર નાચી રહ્યો છે જે કોંગ્રેસને પચતું નથી.

તાજેતરમાં જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત સમગ્ર દેશના નાના ખેડૂતોને ૬૦૦૦ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો હતો. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં તાજેતરમાં બનેલી કોંગ્રેસની સરકારોએ ચૂંટણીમાં હાર ના ડર થી આ યોજનાને અમલમાં મુકવાનો ઈનકાર કરીને રાજ્યોના ખેડૂતો સાથે ખૂબ મોટો અન્યાય કર્યો છે.

આજે કોંગ્રેસ દેશના ચોકીદાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે ચોર જેવા હલકા શબ્દનો ઉપયોગ કરી રહી છે. આ ચોકીદારે ભ્રષ્ટાચારીઓની દુકાનો બંધ કરાવી દીધી છે એટલે કોંગ્રેસના પેટમાં તેલ રેડાયું છે. ચોકીદાર શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશમાં રહેલા ચોરોને જેલના સળિયા પાછળ પહોંચાડશે. શ્રી નરેન્દ્રભાઈ મોદીને ચોર કહેવું એ ગુજરાતની ૬ કરોડ જનતા તેમજ દેશની ૧૩૦ કરોડ જનતાનું અપમાન છે.

કોંગ્રેસના રાહુલબાબા, ઉત્તરપ્રદેશમાં માયાવતી અને અખિલેશ, બંગાળમાં મમતાદીદી, તમિલમાં સ્ટાલિન, આંધ્રમાં ચંદ્રબાબુ જેવા નેતાઓ કે જેમના ભૂતકાળ ભ્રષ્ટાચારથી ભરપુર રહ્યા છે તેઓ આજે શ્રી નરેન્દ્રભાઈ મોદીને હટાવવા માટે એક થવાની વાતો કરે છે. આવા બાબા (રાહુલ), બાબુ (ચંદ્રાબાબુ),બુઆ-બબુઆ (માયાવતી, આખીલેશ), દીદી (મમતા) જરા બતાવે કે તમારા પ્રધાનમંત્રી પદના ઉમેદવાર કોણ છે? રાહુલ ગાંધીને મહાઠગબંધન પણ આજે નેતા તરીકે સ્વીકારવા તૈયાર નથી. પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સા જેવા રાજ્યોમાં પણ ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીને પુનઃ એક વાર દેશના પ્રધાનમંત્રી બનાવવા માટે વાતાવરણ બની ચૂક્યું છે. દેશની તમામ ક્ષેત્રની જનતા સમજી રહી છે કે દેશને આગળ વધારવા માટે નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ અતિ આવશ્યક છે, ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રમાં સરકાર બનાવી જરૂરી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના ખેડૂતોનું માન છે, માતાઓ બહેનોનું સન્માન છે, યુવાનોની શાન છે, ગરીબોની જાન છે અને નવા ભારતની પહેચાન છે.

શ્રી શિવરાજસિંહે જણાવ્યું હતું કે ગુજરાત માટે તો ગૌરવની વાત છે કે તેમના સપૂત આજે દેશના પ્રધાનમંત્રીપદ પર છે. મને વિશ્વાસ છે કે ૨૦૧૪ની ચુંટણીની જેમ જ આ વખતે પણ ગુજરાતની જનતા તમામ ૨૬ લોકસભા બેઠક પર ભાજપાને પ્રચંડ બહુમતથી વિજય અપાવશે.

આ પ્રસંગે ગુજરાતના મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર, પ્રદેશ અગ્રણીશ્રીઓ, જિલ્લા પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સામાજિક આગેવાનો તેમજ વિશાળ સંખ્યામાં ભાજપાના કાર્યકર્તાઓ તથા સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા. ૧૬.૦૪.૨૦૧૯

-----------

## મહાવીર જયંતીની શુભકામના પાઠવતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

-----------

## કરૂણા અને અહિંસાનું તત્વચિંતન મહાવીર સ્વામીએ આત્મસાત કર્યું છે

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જૈન અને જૈનેતર સમાજના સૌ નાગરિકોને મહાવીર જયંતીના પર્વની શુભકામના પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ શુભેચ્છા સંદેશમાં જણાવ્યું હતુ કે, કરૂણા અને અહિંસાનું તત્વ ચિંતન ભારતની ભૂમિએ વિશ્વને આપ્યું છે અને ભગવાન મહાવીર સ્વામીએ જીવન આચરણથી તેને આત્મસાત કરાવ્યું છે.

આપણે સૌ કરૂણા, જીવદયા, અહિંસાના માર્ગે ચાલીને સદાચારી સમરસ, સૌહાર્દપૂર્ણ સમાજના નિર્માણ માટે સંકલ્પબધ્ધ થઈએ એમ પણ શ્રી વિજયભાઇ રૂપાણીએ મહાવીર જયંતીએ પાઠવેલા શુભકામના સંદેશમાં ઉમેર્યુ છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

---

પ્રેસનોટ-૦૭ તા. ૧૬.૦૪.૨૦૧૯

-----------

## મહાવીર જયંતીની શુભેચ્છા પાઠવતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી

-----------

## સ્વયં પર વિજય પ્રાપ્ત કરવાને લીધે જ તેઓ 'ભગવાન મહાવીર' કહેવાયા

-----------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જૈન ધર્મના ચોવીસમાં તિર્થંકર ભગવાન મહાવીર સ્વામીની જન્મજયંત્તિએ રાજ્યની જનતાને શુભેચ્છાઓ પાઠવી હતી.

ભગવાન મહાવીર સ્વામીએ શિખવ્યું છે કે, પોતાના પર વિજય પ્રાપ્ત કરવો લાખો શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવા કરતાં સર્વોત્તમ છે. સ્વયં પર વિજય પ્રાપ્ત કરવાને લીધે જ તેઓ 'ભગવાન મહાવીર' કહેવાયા. ભગવાન મહાવીરના આદર્શ એવા અહિંસા, ત્યાગ અને તપસ્યાના ગુણોથી સમગ્ર માનવજાતનું કલ્યાણ થાય તે માટેની શુભઆકાંક્ષાઓ શ્રી વાઘાણીએ વ્યક્ત કરી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૮ તા. ૧૬.૦૪.૨૦૧૯

-----------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના ભાજપાના ઉમેદવાર શ્રી અમિતભાઈ શાહના સમર્થનમાં ભાજપાના કાર્યકર્તાઓજો ઘર-ઘર સંપર્ક**

-----------

**ભાજપાના કાર્યકરો શ્રી અમિતભાઈ શાહને સર્વાધિક મતોથી વિજયી બનાવવા કટીબદ્ધ**

-----------

**એક જ દિવસમાં કુલ ૧૯૭૫ થી વધુ બુથોમાં ઘર-ઘર લોકસંપર્કની અનેરી સિધ્ધિ**

-----------

ગાંધીનગર લોકસભા મીડીયા વિભાગની એક અખબાર યાદીમાં જણાવ્યાનુસાર ડૉ.બાબાસાહેબ આંબેડકર જયંતિના દિવસે ૧૪ એપ્રિલના રોજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો જન-જનસંપર્ક અભિયાન અંતર્ગત દરેક બુથમાં જઈ કાર્યકર્તાઓએ લોકસંપર્ક કર્યો હતો.

**સામાજિક સમરસતા** અને **સૌનો સાથ સૌનો વિકાસ**ના સૂત્રને ચરિતાર્થ કરનારા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ભાજપાની શક્તિ માનવદર્શન ના સંદેશ લોકો સુધી પહોંચાડવાના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના લોકાભિમુખ કાર્યો અને યોજનાઓ લઈને ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર ઉનાળાના ધોમધખતા તાપમાં પણ અડીખમ ઉભો છે.

આજરોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરને શ્રધાંજલિ આપી સૌ કાર્યકરો એક સાથે સાંજે પાંચ વાગ્યાથી લઈ આઠ વાગ્યા સુધી શ્રમદાન કર્યું હતું. દરેક કાર્યકરો પોતાના બુથમાં આવેલી સોસાયટીમાં જઈ સોસાયટીની સંમતિ લઈ સોસાયટીના ગેટ પર ભાજપાના બેનર - શ્રી અમિતભાઈ શાહના માનવકદના કટ આઉટ, પોસ્ટર તેમજ ઘરે ઘરે દરવાજા પર સ્ટીકર જેવા અન્ય પ્રચાર સાહિત્ય લગાડી - આપી - ૨૩મી અપ્રિલે પ્રજાજનો સવારે ૭ વાગ્યે સામુહિક મતદાન કરવા બહાર નીકળે અને ભાજપાને પ્રચંડ બહુમતીથી વિજય અપાવે તેવો સંદેશ સાથે છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ ગાંધીનગર લોકસભાના ઉમેદવાર પણ છે અને સમગ્ર દેશમાં ૩૦૦ થી પણ વધુ બેઠકો પર પોતે અન્ય ઉમેદવાર માટે મત માંગી રહ્યા છે અને શ્રી નરેન્દ્રભાઈ મોદી ને ફરી એકવાર પ્રધાનમંત્રી બનાવવા અથાક પ્રયત્નશીલ છે. તેવા સંજોગોમાં પણ તેઓ પોતાના મતક્ષેત્રમાં વિવિધ વોર્ડના સોસાયટી સુધી સંપર્ક-સંવાદ રૂપે બેઠકો લઈ ને કાર્યકરોને પ્રોત્સાહિત કરી રહ્યા છે. તે સાબિત કરે છે કે ભાજપા નો કાર્યકર ક્યારેય થાકતો નથી અને ચરૈવેતિ ચરૈવેતિ ના મંત્ર ને યાદ કરી સતત આગળ વધતો જ જાય છે.

નિરંતર પ્રચારકાર્યમાં જોડાયેલા ભાજપાના કાર્યકરો શ્રી અમિતભાઈ શાહને સર્વાધિક મતોથી વિજયી બનાવવા કટીબદ્ધ છે અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીની ગરીમાને છાજે તેવી જંગી બહુમતીથી તેમને વિજયી બનાવવા માટે સંકલ્પબદ્ધ છે.

લોકસંપર્ક ના બીજા રાઉન્ડ તરીકે સમગ્ર ૧૯૭૫થી વધુ બુથમાં તમામ કાર્યકરોએ ઘરેઘરે જઈને એક જ દિવસમાં ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. જનતાએ પણ કાર્યકરોને મીઠો આવકાર આપીને તેમના જોશ અને જુસ્સામાં વધારો કર્યો હતો અને ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને સમર્થન આપ્યું હતું.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૯ તા. ૧૬.૦૪.૨૦૧૯

-----------

**ગાંધીનગર લોકસભામાં દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના**
**"સબકા સાથ સબકા વિકાસ"ના સુત્ર પ્રમાણે થયેલ વિકાસ કાર્યને લઈ**
**ભારતીય જનતા પાર્ટી અનુસુચિત જાતી મોરચો પ્રજાના દ્વારે.**

-----------

ગાંધીનગર લોકસભાની મીડિયા વિભાગની અખબારી યાદીમા જણાવ્યા અનુસાર, લોકસભા મતક્ષેત્રના લગભગ તમામ વિસ્તારોમા અનુસુચિત જાતી મોરચા દ્વારા લાભાર્થીઓનો સંપર્ક તેમજ પત્રિકા પ્રચાર અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

કલોલ વિધાનસભામાં તમામ સેવા વસ્તી, વસાહતોમાં લોકસંપર્ક દ્વારા ભાજપના રાજકીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહને મત આપવા અપાવવા તેમજ શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરી એકવાર દેશના પ્રધાનમંત્રી બનાવવા હાકલ કરવામાં આવી હતી.

ગાંધીનગરમા સેક્ટર-૨ અને સેક્ટર-૧૨ મા ૫૦૦ થી ૭૦૦ જન સાથે તેમજ જીઇબી ગેટ પાસે સફાઈકર્મીઓ તથા અન્ય લોકો સાથે મહાનગરના અનુસુચિત જાતિ મોરચાના પદાધીકારીશ્રીઓ તેમજ શહેર સંગઠનની ઉપસ્થિતિમા ભાજપને સામુહિક મતદાન કરી શ્રી અમિતભાઈ શાહને પ્રચંડ બહુમતથી વિજય અપાવવા સંકલ્પ લેવડાવ્યો હતો.

કર્ણાવતી મહાનગર અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષ અને ડે.મેયર શ્રી દિનેશ મકવાણા પણ મોરચાની ટીમ અને ધારાસભ્ય શ્રી પ્રદીપ પરમારની આગેવાનીમા વિવિધ વસાહતોમા જન-જનનો સંપર્ક કરવામાં લાગી ગયા હતા. કેન્દ્ર અને ગુજરાત સરકારની યોજનાઓથી લાભાન્વિત લોકોનો મહદઅંશે સંપર્ક મેળવી તેઓને ભારતીય જનતા પાર્ટી ની વિકાસયાત્રામાં જોડાવા આહવાન કર્યું હતુ.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ